RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૯૪ તા.૩૧–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી બળવંત એચ.વરીયા
સામાવાળાઃ– (૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ), (૨) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બળવંત એચ.વરીયાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી કતારગામઝોન હેઠળના વિસ્તારમાં છેલ્લા સાત મહિનામાં સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ કેટલા લોરાઈઝ હાઈરાઈઝના પ્લાન પાસ કરવામાં આવ્યા અને તેમાંથી હાલ કેટલા બાંધકામ હાલ ચાલુ છે તે નામ–સરનામા સાથેની વિગત આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૧–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૯૪/૨૦૧૧–૧૨

શ્રી બળવંત એચ.વરીયાની તા. ૨૬–૧૨–૧૧ની અરજીથી કતારગામઝોન હેઠળના વિસ્તારમાં છેલ્લા સાત મહિનામાં સુરત મહાનગરપાલિકા દ્વારા કુલ કેટલા લોરાઈઝ, હાઈરાઈઝના પ્લાન પાસ કરવામાં આવ્યા અને તેમાંથી હાલ કેટલા બાંધકામ હાલ ચાલુ છે તે નામ–સરનામા સાથેની વિગત આપવા બાબતે ડે.કમિ.(પી.એન્ડ.ડી)અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ)ના પત્ર નં. ટી.ડી.ઓ./૪૬૭ તા. ૧૧–૧–૧૨થી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કર્યા બાદ કોપી આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૧–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તપાસણીના રોજકામની નકલ તેમજ ફી ભરવા અંગે કોઈ કાર્યવાહી થયેલ હોય તો માહિતી સહિત તેની વિગત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૮૬ તા.૬–૨–૧૨ થી** ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) **તથા અરજદારને**તપાસણી બાદ નિયત ચાર્જ ભરપાઈ કરેલ છે કે કેમ ? શું વિગતે– હકીકત સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૬૫ તા.૧૬–૨–૧૨ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, કાર્યપાલક ઈજનેર કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૬૪૫૪ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં તા.૨૭–૧૨–૧૧ ના રોજ મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.ટીડીઓ/૪૬૭ તા.૧૧–૧–૧૨ ના પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૬૪૫૪ તા.૨૭–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં તા.૨૭–૧૨–૧૧ ના રોજ મ. જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/ ૪૬૭ તા.૧૧–૧–૧૨ થી " આ અંગેનો કોઈ અલગથી રેકર્ડ નિભાવવામાં આવતો નથી. પરંતુ હાલનો મધ્યસ્થ શહેર વિકાસ નો ઉપલબ્ધ રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરી શકો છે જે અંગે કચેરીનો અગાઉથી તારીખ અને સમય મેળવી ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કરી શકો છો. જે અગે પ્રથમ ત્રીસ મીનીટ માટે કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રતિ ત્રીસ મીનીટના રૂ.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. ઉકત રેકર્ડનું નિરીક્ષણ કર્યા બાદ તમો જે માહિતી/નકલો મેળવવા માંગો તે જણાવ્યેથી તે નકલો/વિગતો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે પત્ર નં.ટીડીઓ/૪૬૭ તા.૧૧–૧–૧૨ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ઉપલબ્ધ રેકર્ડનું નિરીક્ષણ કર્યા બાદ કોપી આપેલ નથી તેવું જણાવી તા.૩૧–૧–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે. આમ અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નિરીક્ષણ કર્યાનું અપીલ અરજીમાં જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન એ પણ તેમની પૂરક વિગતો તથા નોંધ વિભાગમાં અરજદારને તા.૨૬–૧૨–૧૧ ના રોજ મંજુર પ્લાનની વિગત બાબતે તેઓને રૂબરૂ ચકાસણી અર્થે તા.૧૨–૧–૧૨ ના રોજ બોલવવામાં આવેલ. જેમાં તેઓ હાજર ન રહેલ પરંતુ તા.૧૩–૧–૧૨ ના રોજ ૫.૧૫ થી ૫.૪૦ દરમ્યાન હાજર રહી અને દફતરી ચકાસણી કરેલ છે તેવું જણાવેલ છે. જે અંગે તેઓએ રોજગાર રજીસ્ટર મંજુર ઝેરોક્ષ નકલની જરૂર નથી તેવું લખી

સહી કરેલ છે તેવું તેમની નોંધ વિભાગમાં જણાવેલ છે ત્યાર બાદ પૂરક વિગતોમાં પણ જાહેર માહિતી અધિકારીએ અરજદારની નિરીક્ષણ બાદ કોપી આપેલ નથી તેવા પ્રશ્ન બાબતે કરેલ અપીલ અરજી અન્વયે અરજદારે કતારગામઝોન વિસ્તારમાં છેલ્લા ૭ મહીનામાં કેટલો લો રાઈઝ હાઈરાઈઝ પ્લાનો મંજુર કરવામાં આવેલ. તે સંદર્ભે મધ્યસ્થ શહેર વિકાસ ખાતામાં વિકાસ પરવાનગી અંગે ઝોન વાઈઝ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી પરંતુ એક જનરલ રજીસ્ટર જ નિભાવવામાં આવે છે સદર રજીસ્ટર અરજદારને રૂબરૂ નિરીક્ષણ માટે આપવામાં આવેલ. અરજદારે ઉકત રજીસ્ટરનું નીરીક્ષણ કર્યા બાદ તેઓને છેલ્લા સાત માસમાં મંજુર થયેલ પ્લાનોની વિગતો દર્શાવતા પાનાની ઝેરોક્ષ કોપીએ જરૂરી ચાર્જ ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ. પરંતુ અરજદારે તો ફકત કતારગામઝોનની અલગ માહિતિ બનાવી તેની નકલો આપવા જણાવેલ. જે માહિતી અલગ રીતે ઉપલબ્ધ ન હોય અરજદારને માહિતી આપવામાં આવેલન થી. વધુમાં અરજદારે ઉકત રજીસ્ટર નિરીક્ષણ કર્યા અંગે તેઓની નિરીક્ષણ કર્યા સંબધેની સહી કરી આપવા જણાવેલ તેની સહીઓ પણ અરજદારે કરી આપેલ નથી. તેવું જણાવેલ છે. આમ બંને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માહિતી પૂરી પાડવા નો પ્રયાસ કરવામાં આવેલ છે. આમ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરી જરૂરી ખપ પૂરતી નકલો જણાવી માહિતી મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા. ૩૧–૧–૧૨ ધ્યાને લેતાં ૨૯–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા ૧૫–૦૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને માર્ચ ૨૦૧૨ દરમ્યાન ૧૭૬ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૬૭ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૬–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે બંને જાહેર માહિતી અધિકારી તરફથી ઈન્સ્પેકશન સહિત માહિતી પૂરી પાડવા પ્રસ્તાવ કરેલ છે. જે અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર કે તેમના નિરીક્ષણ પશ્વાત વિગત જણાવી જરૂરી ખપ પૂરતી નકલો મેળવવા સ્વતંત્ર છે. અરજદારની તેવી રજૂઆત થયેથી દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં દસ્તાવેજ ફી ભરપાઈ કરાવી નકલો પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તથા ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૨

પ્રતિ,

(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ), એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)...જાણ તથા અમલ માટે

(૨) શ્રી બળવંતભાઈ એચ.વરીયા